## Visit of External Affairs Minister to the Russian Federation (November 7-8, 2022)

## વિદેશ મંત્રીની રશિયન ફેડરેશનની મુલાકાત (7-8 નવેમ્બર, 2022)

03 નવેમ્બર, 2022

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર 7-8 નવેમ્બર, 2022 નાં રોજ રશિયન ફેડરેશનની અધિકૃત મુલાકાત લેશે.

2. આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી તેઓનાં સમતુલ્ય રશિયન ફેડરેશનનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન સર્ગેઇ લાવરોવને મળશે. આ ચર્ચાઓ દ્વિપક્ષીય મુદ્દાઓની સમગ્ર શ્રેણી આવરી લેશે તેમજ વિવિધ પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય વિકાસો પર દ્રષ્ટિકોણોની આપ-લે થશે તેવું અપેક્ષિત છે.

3. ભારતનાં વિદેશ મંત્રી વ્યાપાર, આર્થિક વૈજ્ઞાનિક, ટેકનોલોજીકલ અને સાંસ્કૃતિક સહકારલ પર ભારત-રશિયા આંતર-સરકારી આયોગ (IRIGC-TEC) માટેનાં તેઓનાં સમતુલ્ય એવા રશિયન ફેડરેશનનાં નાયબ વડાપ્રધાન અને વ્યાપાર અને ઉદ્યોગ મંત્રી મહામહિમ શ્રીમાન ડેનિસ માન્તુરોવને પણ મળશે. વિવિધ કાર્યક્ષેત્રોમાં દ્વિપક્ષીય આર્થિક સહકાર સંબંધિત મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે.

4. આ મુલાકાત બન્ને પક્ષો વચ્ચે નિયમિત ઉચ્ચ-સ્તરીય સંવાદનાં સાતત્યમાં હશે. વિદેશ મંત્રીએ છેલ્લે એપ્રિલ જુલાઇ 2021 માં રશિયાની મુલાકાત લીધી હતી ત્યારબાદ 2022 માં રશિયાનાં વિદેશ મંત્રીએ નવી દિલ્હીની મુલાકાત લીધી હતી.

**નવી દિલ્હી**
**3 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.